# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# PM-MANN KI BAAT – GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું, છેલ્લા કેટલાંક વર્ષોમાં અમદાવાદ વૈશ્વિક ગરમી સામે લડાઈ લડનારાં મુખ્ય શહેરોમાંનું એક બન્યું છે. મન કી બાતની 121મી કડીમાં શ્રી મોદીએ કહ્યું, અમદાવાદમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં 70 લાખથી વધુ વૃક્ષો લગાવાયાં છે. આ વૃક્ષોએ અમદાવાદમાં હરિયાળો વિસ્તાર ઘણો વધારી દીધો છે. તેની સાથોસાથ સાબરમતી નદી પર રિવરફ્રન્ટ બનવાથી અને કાંકરિયા તળાવ જેવાં કેટલાંક તળાવનાં પુનર્નિર્માણથી ત્યાં જળાશયોની સંખ્યા પણ વધી ગઈ છે. આ સાથે શ્રી મોદીએ વૃક્ષો લગાવવા અનુરોધ કર્યો હતો.

(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી) -MAA-KE-NAAM

શ્રી મોદીએ કહ્યું, ગુજરાત સાયન્સ સિટીની સાયન્સ ગેલેરીમાંથી આધુનિક વિજ્ઞાનની ક્ષમતા દર્શાવે છે. વિજ્ઞાન અને નવીનીકરણ પ્રત્યેના વધતું આકર્ષણ, ભારતને નવી ઊંચાઈ પર લઈ જશે.

# BHARUCH BANGLADESHI CITIZENS

ભરૂચમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશના 15 નાગરિકોને પોલીસ ઝડપી પાડ્યા છે. ભરૂચના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, શહેરમાં SOG પોલીસે નન્નૂ મિયા નાળા અને વ્હાલુ ગામ વિસ્તારમાં દરોડા પાડીને શંકાસ્પદ દસ્તાવેજો ધરાવતા આ નાગરિકોના પાસપોર્ટ અને રહેઠાણ સંબંધિત તમામ કાગળો જપ્ત કર્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ લોકો લાંબા સમયથી ભરૂચમાં રહેતા હતા. કેટલાક લોકોએ સ્થાનિક સ્તરે રોજગાર પણ મેળવી લીધો હતો.

પોલીસે ધરપકડ કરાયેલા તમામ લોકોને હેડક્વાર્ટર મોકલી દીધા છે. LIB વિભાગ દ્વારા તેમની વધુ પૂછપરછ કરવામાં આવશે.

# TAPI-SEARCH OPERATION

ગેરકાયદેસર રહેતા વિદેશીઓને શોધવા તાપી પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં જિલ્લા પોલીસ વડા સહિતના સ્ટાફ દ્વારા સોનગઢ અને વાલોડમાં શોધ અભિયાન હાથ ધરાયું. સોનગઢના અમન પાર્ક, ઇસ્લામપુરા, અલીફ નગર, સોનગઢ આવાસ, સહિતના વિસ્તારોમાં પોલીસે આધાર પુરાવાઓ ચેક કર્યા હતા.

# PAHELGAM VIRODH

પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં રાજ્યના અનેક જિલ્લામાં વિરોધ કરવામાં આવ્યો હતો. મહીસાગર જિલ્લાના કડાણા અને ખાનપુર તાલુકાના મુખ્ય બજાર બંધ રખાયા હતા. વેપારીઓએ પણ સ્વૈચ્છિક રીતે પોતાના ધંધા રોજગાર બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. તો બીજી તરફ જિલ્લા પોલીસ પણ સતર્ક થઈ ગઈ છે. કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસે જિલ્લાના જાહેર સ્થળો પર ચેકિંગ હાથ ધર્યું છે. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવાએ વધુ માહિતી આપી.

(બાઇટ: કમલેશ વસાવા (ડીવાયએસપી મહીસાગર)

કાશ્મીરમાં આંતકવાદી હુમલા બાદ ગુજરાતના વિવિધ શહેરોની સાથે ભાવનગરમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. ઓપરેશન ભારત છોડો અંતર્ગત એસઓજી પોલીસની ટીમ દ્વારા મોતી તળાવ વિસ્તાર અને શેરડીપીઠ વિસ્તારમાં શંકાસ્પદ વ્યક્તિઓની તપાસ કરવામાં આવી હતી. જોકે ભાવનગરમાંથી કોઈ પણ બાંગ્લાદેશી કે અન્ય દેશના લોકો ઝડપાયા ન હતા.

દરમિયાન, પહેલગામ આતંકવાદી હુમલાને લઈને પાટણ જિલ્લાના ચાણસ્મામાં સ્વયંભૂ બંધ પાળીને આતંકી હુમલાની ઘટનાને વખોડી વિરોધ વ્યક્ત કર્યો. તમામ સંસ્થાઓ,વેપારી મંડળો અને રાજકીય પક્ષો તેમજ નાગરીકોએ બંધને સમર્થન આપ્યું હતું.

# RAJKOT-KHATMUHURT

પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ રાજકોટ જિલ્લાના વિંછીયાના સનાળા ગામે નવા ચેકડેમનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, આ પંથકને પાણીદાર બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

શ્રી બાવળિયાએ ઉમેર્યું કે, આ ચેકડેમ બનતા ગામના 100 જેટલા ખેડૂતોની 20 હેક્ટર જેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે. ડેમમાંથી પાણી ખાલી થયા બાદ જરૂર પડ્યે સૌની યોજનામાંથી ચેકડેમ ભરાય, તેવી વ્યવસ્થા કરાઈ છે, જેથી ખેડૂતોને સિંચાઈનો પૂરતો લાભ મળી રહે. આ ઉપરાંત, ગામના કુવા, બોર વગેરે રીચાર્જ કરવા સુજલામ સુફલામ જળસંચય યોજનાનો લાભ લેવા સિંચાઈ વિભાગનો સંપર્ક કરવા તેમણે ગ્રામજનોને અપીલ કરી હતી.

# SURAT- KHATMUHRUT

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે 24 કરોડથી વધુ રૂપિયાના ખર્ચે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના વિવિધ ગામોને જોડતા 18 રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કર્યું.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, રાજયમાં શહેરોની સમાંતર વિકાસ કાર્યોથી ગામડાઓ પણ સમૃદ્ધ બન્યા છે. તેમણે કહ્યું કે, ઓલપાડ તાલુકામાં ભવિષ્યમાં પાણીની અછતનો સામનો ન કરવો પડે અને ભૂગર્ભજળનું સ્તર જળવાઈ રહે તે હેતુથી 10 હજારથી વધુ વોટર હાર્વેસ્ટિંગના કામો કરવામાં આવી રહ્યા છે. આ સાથે તેમણે ઓલપાડ તાલુકામાં સોસાયટીઓ વિકસાવતા બિલ્ડરોને પણ તેમના પ્રોજેક્ટમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવવાની અપીલ કરી હતી.

# GANDHINAGAR METRO

ગાંધીનગરના સચિવાલય સુધી મેટ્રો ટ્રેનની સુવિધા આજથી શરૂ થઈ છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, અત્યાર સુધી અમદાવાદથી ગાંધીનગરના સેક્ટર-1 સુધી મેટ્રો ટ્રેન દોડતી હતી. આજથી અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સાત નવા મેટ્રો સ્ટેશનની પણ શરૂઆત થઈ છે. નાગરિકોને દર અડધા કલાકે સચિવાલય આવવા માટે મેટ્રો ટ્રેન મળશે.